ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૪૩/૨૩-૨૪/ 1625 તારીખ : 27 DEC 2023

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી મકવાણા ધુમડભાઈ કરશનભાઈ,**
**વાટલીયાના કેડા ઉપર,**
**મું.મોટી જાગધાર,**
**તા.મહુવા,**
**જી.ભાવનગર.**

કેસ નં.૪૩/૨૩-૨૪

**મો.નં- ૯૫૭૪૬૮૨૨૫૧**

**વિષય : નોર્મલ ખેતીવાડી કનેકશન લગાડવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૦૮/૦૯/૨૦૨૩ જે અત્રેની કચેરીને મળ્યા તા.૧૩/૦૯/૨૦૨૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૩/૨૩-૨૪/૧૩૩૪ તા.૧૪/૦૯/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૩/૨૩-૨૪/૧૫૨૯ તા.૦૨/૧૨/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૨/૧૨/૨૦૨૩** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

**પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,**
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) **નાયબ ઈજનેરશ્રી,** પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, **ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી-૨, મહુવા.**

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૪૩/૨૩-૨૪** ☜

વાદી :– શ્રી મકવાણા ધુમડભાઈ કરશનભાઈ

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૧૨/૧૨/૨૦૨૩** ◈

હાજર રહ્યા વાદી :– **પોતે**

પ્રતિવાદી :– **શ્રી એચ.એસ.દુધાગ્રા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા. તથા**
**શ્રી જી.એ.પટેલ, નાયબ ઈજનેર, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી–૨, મહુવા.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી મકવાણા ધુમડભાઈ કરશનભાઈ, મું.મોટી જાગધાર, તા.મહુવા, જી.ભાવનગરની નોર્મલ ખેતીવાડી કનેકશન લગાડવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૪૩/૨૩-૨૪ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૩/૨૩-૨૪/૧૩૩૪ તા.૧૪/૦૯/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૧૨/૧૨/૨૦૨૩** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી મકવાણા ધુમડભાઈ કરશનભાઈ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એચ.એસ.દુધાગ્રા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા તથા શ્રી જી.એ.પટેલ, નાયબ ઈજનેર, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી–૨, મહુવા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અરજદાર ભાવનગર જીલ્લાના મહુવા તાલુકાનું ગામ મોટી જાગધારમાં વાટલીયાના કેડા ઉપરના સ્થળે અરજદારની ખેતીવાડી જમીન આવેલ છે. તેઓની વીજ કચેરી મહુવા રૂરલ–૨ છે. તેઓને ખેતીવાડીમાં વીજ કનેકશનની જરૂરીયાત હોવાથી, તેઓએ વીજ કચેરી મહુવા રૂરલ–૨ માં જરૂરી આધાર પુરાવા આપી રૂ.૨૩૬/– તા.૦૧/૦૫/૨૦૧૯ ના રજીસ્ટ્રેશન ચાર્જના નાણાં ભરેલ માંગણી કરેલ ક્રમ પ્રમાણે વારો આવવાથી વીજ કચેરીમાંથી કર્મચારી મોજણી સર્વે કરવા આવેલ. ત્યારે, કોઈએ વાંધો પાડેલ નહી.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

૧.૨ મહુવા રૂરલ–ર માંથી કોટેશન તા.૨૭/૦૧/૨૦૨૦ નં–૪૨૯ જી.પી.નં–૫૭૦૩ નું મોકલાવેલ તે અરજદારને મળેલ. જરૂરી આધાર પુરાવા લઈ તેઓ તા.૦૪/૦૨/૨૦૨૦ ના રોજ રૂા.૮૦૫૩/– તથા ૨૩.૬૦ ટી.આર.સાથે ભરી આપેલ. ત્યારબાદ, ક્રમ પ્રમાણે વારો આવવાથી કોન્ટ્રાકટરના માણસો કામ કરવા લાઈન પોલ લગાડવા આવેલ ત્યારે બાજુવાળા શેઢા પાડોશીએ પોલ લગાડવા દીધેલ નહી. કામ અટકાવેલ જો આવી જ રીતે બધી જ જગ્યાએ વાંધા પડે તો ગ્રાહકને કેવી રીતે વીજ કનેકશન મળે. ગ્રાહકને વીજ કનેકશનની જરૂરીયાત હોય તો જ માંગણી કરેલ હોય. કંપનીનો ધંધો કેવી રીતે ચાલે બાકી બીલના નાણાં બાકી હોય તો ગ્રાહક ઉપર કોર્ટમા કેસ કરવામાં આવે છે. તો નવા ગ્રાહકનું વીજ કનેકશન અટકાવેલ હોય તો કોઈ જ કાર્યવાહી કરવામાં કેમ આવતી નથી. પોલીસ રક્ષણ મેળવી વીજ કનેકશન લગાડવું જોઈએ. વાંધો પાડનારની તરફેણમાં જઈ ગ્રાહકનું વીજ કનેકશન રદ કરવું તે વ્યાજબી નથી. કંપનીના નીયમ મુજબ અન્ય જગ્યાએથી વીજ કનેકશન આપવું જોઈએ તો આપ નીયમ મુજબ કાર્યવાહી કરી વીજ કનેકશન લગાડવા હુકમ કરવા વિનંતી છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજૂઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ સવિનય સાથ આપ સાહેબશ્રીને જણાવવાનું કે, મોટી જાગધાર ગામે તા.મહુવામાં જમીન સર્વે નં – ૧૭૬/૭ પૈકી ૧ માં નવા ખેતીવાડી વીજ જોડાણ માટે અત્રેની મહુવા ગ્રામ્ય પેટા વિભાગ–૨ કચેરીએ મકવાણા ધુમડભાઈ કરશનભાઈ એ તા.૦૧/૦૫/૨૦૧૯ ના રોજ એસ.આર.નં–૧૧૮૯૦૦૫૩ થી નવા વીજ જોડાણ મેળવવા માટે અરજી કરેલ હતી અને ત્યારબાદ તેમનો ક્રમાનુસાર વારો આવતા અરજદારની હાજરીમાં સ્થળ સર્વેક્ષણ કરી તા.૨૭/૦૧/૨૦૨૦ ના રોજ સંદર્ભ પત્ર નં–MHV/R-2/429 dtd.27.01.2020 થી મહુવા ગ્રામ્ય પેટા વિભાગ–૨ કચેરી દ્વારા અંદાજપત્ર આપેલ. ત્યારબાદ, અરજદાર દ્વારા જરૂરી અંદાજપત્ર તા.૦૪/૦૨/૨૦૨૦ ના રોજ ભરપાઈ કરેલ.

૨.૨ જેના અનુસંધાને સ્થળ પર કોન્ટ્રાકટરના માણસો લાઈનકામ કરવા માટે ગયેલ હતા પણ સ્થળ પર વાંધો ઉભો થયેલ હોય અને કોન્ટ્રાકટરના માણસોને કામ કરવા દીધેલ ન હોય અરજદારને સદર બાબતની જાણ સંદર્ભ પત્ર નં–MHV/R-2/2601 dtd.01.09.2020, MHV/R-2/TECH/1385 dtd.25.04.2022 થી જાણ કરેલ તેમજ સદર કેસ માનનીય જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબ સમક્ષ સંદર્ભ પત્ર નં–MHVD/TECH/DM CASE/7803 dtd.22.12.2022 થી મૂકવામાં આવેલ અને સદર કેસની કાર્યવાહી પ્રગતિ હેઠળ હોઈ તે દરમ્યાન અરજદારને મહુવા ગ્રામ્ય પેટા વિભાગ–૨ કચેરી દ્વારા MHV/R-2/2647 dtd.11.08.2023 પત્રથી લાઈનકામ કરવા અંગેના નીરાકરણ માટે જાણ કરવામાં આવેલ. પરંતુ, અરજદાર દ્વારા કોઈ યોગ્ય પ્રત્યુતર આપવામાં આવેલ નથી.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૨.૩ આમ, ત્યારબાદ, મહુવા ગ્રામ્ય પેટા વિભાગ – ૨ કચેરી દ્વારા સંદર્ભ પત્ર નં – MHV/R-2/2829 dtd.28.08.2023 થી અરજદારને સદર વીજ જોડાણ ની જરૂરીયાત નથી તેમ માની આપની અરજી રદ કરવામાં આવે છે અને તેઓ દ્વારા સદર વીજ જોડાણ માટે ભરવામાં આવેલ અંદાજપત્ર ના નાણાં દિવસ–૭ માં પરત માંગી લેવા માટે જાણ કરેલ. ત્યારબાદ, અરજદાર દ્વારા સંદર્ભ પત્ર નંબર અરજી ઈનવર્ડ નંબર– ૮૨૪ તા.૧૫/૦૯/૨૦૨૩ થી લાઈનકામનો વાંધો સોલ્વ થાય તેમ નથી અને તેઓ દ્વારા ભરવામાં આવેલ અંદાજપત્રના નાણાં પરત લેવા માટે ઓરીજનલ પહોંચ જોડી અરજી આપેલ છે. જેના અનુસંધાને અરજદારના અંદાજપત્રના નાણાં પરત કરવામાં આવેલ. આ સાથે સ્ટેટમેન્ટ જોડેલ છે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદારશ્રી મકવાણા ધુમડભાઈ કરશનભાઈ ગામ–મોટી જાગધાર, તા.મહુવા દ્વારા પ્રતિવાદી પીજીવીસીએલ માં નવું ખેતીવાડી વીજ કનેકશન ન આપવા બાબતની રજૂઆત ફોરમને રજુઆત કરેલ છે.

૩.૨ વાદીની અરજી અંગે આજરોજ તા.૧૨.૧૨.૨૦૨૩ ના રોજ રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલ.જેમાં વાદી અને પ્રતિવાદી હાજર છે અને પોતાની રજુઆતો કરેલ છે.

૩.૩ પ્રસ્તુત કેસની રજુ થયેલ વિગતો અનુસાર વાદીશ્રી દ્વારા ગામ–મોટી જાગધાર ના જમીન સર્વે નં– ૧૭૬/૬ પૈકી ૧ માં નવા ખેતીવાડી વીજ જોડાણ માટે તા.૦૧/૦૫/૨૦૧૯ ના રોજ રજી.ચાર્જ ભરી નોંધણી કરાવેલ. તેમજ ત્યારબાદ પ્રતિવાદી દ્વારા આપવામાં આવેલ અંદાજપત્ર પણ તા.૦૪/૦૨/ ૨૦૨૦ ના રોજ ભરપાઈ કરી આપેલ.

૩.૪ જે અંગે જરૂરી લાઈનકામ કરવા માટે કોન્ટ્રાકટરના માણસો સ્થળ પર જતા અન્ય લોકો દ્વારા વાંધો ઉઠાવવામાં આવતા લાઈનકામ પૂર્ણ થઈ શકેલ નહી. ત્યારબાદ, પણ પ્રતિવાદી દ્વારા માન.જીલ્લા મેજીસ્ટ્રેટ ને મેટર રીફર કરવામાં અવોલ છે જે પ્રગતિ હેઠળ છે. પરંતુ, દરમિયાન પ્રતિવાદી દ્વારા વાદીને લાઈનકામ થઈ શકે તે માટે જરૂરી નીરાકરણ કરી આપવા પત્ર નં–૨૬૪૭ તા.૧૧/૦૮/૨૦૨૩ થી જાણ કરેલ. જે અંગે વાદી દ્વારા તેમના પત્ર (પ્રતિવાદીને મળ્યા તા.૧૫/૦૯/૨૦૨૩) થી વાંધા અંગે નીરાકરણ શકય ન હોય, ભરેલ અંદાજપત્રની રકમ પરત આપવા વીનંતી કરેલ છે.

૩.૫ વાદીની રીફંડની અરજી ધ્યાને લઈને પ્રતિવાદી દ્વારા અંદાજપત્ર ના ભરેલ રકમ વાદીને પરત કરવામાં આવેલ છે. જે બાબતનું વાદીએ સુનાવણી દરમ્યાન સમર્થન કરેલ છે.

૩.૬ ઉપરોકત વિગતો ધ્યાને લેતાં, ફોરમને જણાય છે કે, વાદીએ માંગેલ અંદાજપત્રની રકમ વાદીને પરત મળી ગયેલ હોઈ, ફોરમ દ્વારા કશો હુકમ કરવાનો રહેતો નથી. પ્રતિવાદીએ લાઈનકામ માટે નાંખેલ પોલ, હયાત લાઈનને સ્થળ પરથી હટાવી લેવા.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૬ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રી જે.એમ મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

(બી.આર. વડાવીયા)
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– **૧૨/૧૨/૨૦૨૩.**

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.